| GJAM120000312026 | | રજુ તારીખ :૦૬.૦૧.૨૦૨૬<br>દાખલ તારીખ :૦૬.૦૧.૨૦૨૬<br>ફેસલ તારીખ :૧૮.૦૮.૨૦૨૬<br>વર્ષ:૦૦,માસ: ૦૭ , દિવસ:૧૨ |
|---|---|---|

**મહે. એડીશ્નલ સીની. સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવરકુંડલા, જિ. અમરેલી**

**રેગ્યુલર દિવાની મુકદમા નં. ૦૭/૨૦૨૬**

**આંક–**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
**નાયબ ઈજનેરશ્રી વિજપડી પેટા વિભાગ કચેરી,**
**મુ.વિજપડી, તા.સાવરકુંડલા.**
**વતી ડેપ્યુટી ઈજનેર ...વાદી**

**વિરૂધ્ધ**

**બાલુભાઈ જીણાભાઈ ચાંદુ,**
**રહે.ગોરડકા, તા.સાવરકુંડલા જી. અમરેલી ...પ્રતિવાદી**

**બાબત : દાવો લેણી રકમ રૂા.૮,૯૭૩.૫૨/– પૈસા વસુલ મેળવવા અંગે.**

.....................................................................

**વાદી તરફે વિ. વકીલ શ્રી : એસ.ડી.જોષી.**

**પ્રતિવાદી તરફે : નોટીસ બજવણી થવા છતાં કોઈ હાજર થયેલ નથી.**

.....................................................................

## JUDGEMENT

.....................................................................

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે : વાદી સંસ્થા ઈલેકટ્રીસીટી એકટ અન્વયે સ્થપાયેલ સ્વાયત સંસ્થા છે અને સમગ્ર રાજ્યમાં ઔદ્યોગીક, ખેતી અને ઘરવપરાશ માટે થાંભલાઓ ઉભા કરી તેના પર વિજવાયરો પસાર કરી ગ્રાહકોને વિજપુરવઠો પુરો પાડવાનુ કામ કરે છે. **પ્રતિવાદી તે વાદી સંસ્થાના ગ્રાહક હતા જેમનો ગ્રાહક નંબર ૮૮૫૩૩/૦૦૭૦૨/૭ હતો. આ રીત પ્રતિવાદીનું સ્ટેટસ ગ્રાહક તરીકેનું હતુ.** પ્રતિવાદીને નિયમાનુસાર વિજવપરાશના બિલો નિયમિત આપેલ પરંતુ તે બીલની રકમ નહિ ભરતા તા:૨૬/૦૩/૨૦૨૨ ના રોજ વાદીએ પ્રતિવાદીનો વિજ પુરવઠો કાપી વિજ મીટર તથા સર્વિસ લાઈન વિગેરે પ્રતિવાદીના રહેણાકના સ્થળેથી ઉતારી લીધેલ જે તારીખ પ્રતિવાદી પાસે વાદીના **લેઝર મુજબ રૂા.૮,૯૪૩.૫૨** પૈસા બાકી હતા જે મેળવવા વાદી કાયદેસરના હકકદાર છે. અને પ્રતિવાદી તે રકમ ભરવા જવાબદાર છે. આ કામના પ્રતિવાદીએ તેમનું છેલ્લુ બિલ તા. ૨૫/૦૯/૨૦૨૩ ના રોજ રૂા.૭૦/- ભરેલ હતુ ત્યારબાદ પ્રતિવાદીએ કાયદેસરનું વીજ વપરાશનુ બીલ ભરેલ નહી. પ્રતિવાદી પાસે બાકી લેણુ વસુલ નહી આપતા પ્રતિવાદીને રજી પોસ્ટથી નોટીસ-નમુનો ૩૪૫ થી લીગલ નોટીસ આપેલ જે પ્રતિવાદીને બજેલ તેમ છતા નીયમઅનુસાર વીજ વપરાશનુ બીલ આપેલુ પર તુ તેની રકમ તેઓએ ભરપાઈ કરેલ નહી આથી તા. ૨૬/૦૩/૨૦૨૨ સુધી પ્રિવેન્સી ઓફ કોન્ટ્રાકટર અસ્તીત્વમા હતો પ્રતિવાદીને વીજ કનેકશન આપ્યાના ના રોજ **રૂા.૮,૯૪૩.૫૨** પૈસા મુજબની બાકી રકમ ભરપાઈ કરવા માટે લીગલ નોટીસ આપેલ, છતાં પ્રતિવાદીએ રકમ વસુલ આપેલ નથી. **પ્રતિવાદી પાસે મુળ રકમ રૂા.૭,૦૦૧.૩૬ તથા વ્યાજના રૂા.૧,૯૪૨.૧૬ મળી કુલ રૂપીયા ૮,૯૪૩.૫૨ પૈસા બાકી લેણા છે.** આ લેણી રકમ નોટીસ આપવા છતાં પ્રતિવાદીએ વાદી સંસ્થાને વસુલ આપેલ નથી, આથી આ દાવો કરવાનો થયેલ છે. આ પ્રકારની હકીકત સાથે વાદીએ આ દાવો પ્રસ્તુત કરી લેણી રકમ દાવા તારીખથી વસુલ મળતા સુધીના **૧૮ ટકાના** ચડતા વ્યાજ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની મિલ્કતથી વસુલ અપાવવા અને દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

**(૨.૦)** પ્રતિવાદીને પ્રોસેસ બજવણી કરવામાં આવેલ છે પરંતુ તેઓ હાજર થયેલ નથી, આથી દાવાની કાર્યવાહી પ્રતિવાદીની ગેરહાજરીમાં એકતરફી આગળ ચલાવવાનો હુકમ આંક– ૧ લગત કરવામાં આવેલ છે.

**(૩.૦)** વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| –: મૌખિક પૂરાવો :– | | |
|---|---|---|
| **ક્રમ** | **સાહેદનું નામ અને વિગત** | **આંક** |
| ૧ | વાદી સંસ્થાના નાયબ ઈજનેર સુધીરભાઈ છોટુભાઈનું સરતપાસનું સોગંદનામુ | ૦૮ |

| –: દસ્તાવેજી પૂરાવો :– | | |
|---|---|---|
| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
| ૧ | પ્રફોર્મા– ૧૨ | ૧૧ |
| ૨ | લેઝર શીટ | ૧૨ |
| ૩ | શોર્ટ હિસ્ટરી ઓફ કેસ | ૧૩ |
| ૪ | પ્રતિવાદીના ખાતાની લેઝર શીટ | ૧૪ |
| ૫ | નોટીસ–૩૪૫ | ૧૫ |
| ૬ | પોસ્ટખાતાની એકનોલોજમેન્ટ | ૧૬ |
| ૭ | ગેટપાસ | ૧૭ |
| ૮ | સ્થળ તપાસ રોપોર્ટ | ૧૮ |

**(૫.૦)** વાદી તરફે વિ. વકીલશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે. પ્રતિવાદી તરફે કોઈ હાજર નથી અને તેઓ તરફે કોઈ દલીલ નથી.

**(૬.૦)દાવાના કામે જે મુદા ફ્રેમ કરવામાં આવેલ છે તે તેના જવાબ સાથે નીચે મુજબ છે.**

| **ક્રમ** | **મુદાઓ** | **મુદાનો જવાબ** |
|---|---|---|
| **૧** | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી તેમની વીજ કંપનીના ગ્રાહક હોઈ વીજ વપરાશ કરેલ હોવા છતાં પ્રતિવાદીએ વીજ બીલની રકમ ભરપાઈ કરેલ નથી અને તે રીતે વાદી પ્રતિવાદી પાસેથી વીજ વપરાશના બીલ પેટે લેણી રકમ રૂા.૮,૯૪૩.૫૨/- બાકી નીકળે છે ? | હકારમાં |
| **૨** | શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવામાં જણાવ્યા મુજબની રકમનું વાર્ષિક વ્યાજ મેળવવા હકકદાર છે? | અંશત હકારમાં |
| **૩** | શું વાદીનો દાવો સમય મર્યાદામાં છે ? | હકારમાં |
| **૪** | શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? | હકારમાં |
| **૫** | શું હુકમ અને હુકમનામુ ? | આખરી હુકમ મુજબ હકારમાં |

**:: કારણો ::**

**(૭.૦)મુદા નં.૧, ૨ અને ૩ ની સંયુકત ચર્ચા :–**

**(૭.૧)**વાદી સંસ્થાએ હાલનો દાવો લેણી રકમ વસુલ મેળવવા માટે કરેલ છે. દાવા અરજીના સમર્થનમાં **આંક–૦૮ થી વાદી સંસ્થા વતી ડેપ્યુટી ઈજનેરશ્રી સુધીરભાઈ છોટુભાઈ ચૌધરીએ સોગંદપર પુરાવો રજુ રાખેલ છે.** જેમાં તેઓએ દાવાની તમામ હકીકતને સમર્થન આપેલ છે. દાવામાં કરવામાં આવેલ કથનોની વીસ્તાર પુર્વકની નોંધ આ હુકમના પ્રથમ પેરામા કરેલા છે તેથી તેનુ અત્રે પુનરાવર્તન કરેલ નથી. વાદી સંસ્થાના અધીકારીશ્રીએ દાવા મુજબની રકમ લેણી હોવા સબંધે અને તે નોટીસ આપવા છતા પ્રતિવાદીએ વસુલ

નહી આપેલ હોવા સબંધે સ્પષ્ટ પુરાવો આપેલ છે. ઉપર મુજબના મૌખીક પુરાવા ઉપરાંત વાદી સંસ્થાએ દાવાના કામે પ્રોફોર્મા નં. ૧ ૨, લેણી રકમનો હિસાબ, બીલની નકલ અને નોટીસ વ્યવહારના દસ્તાવેજો રજુ કરેલ છે. રજુ કરવામાં આવેલ આ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો દાવાની હકીકતના સમર્થનમાં છે. પ્રતિવાદીને ધોરણસર નોટીસ કરવામાં આવેલ છે. તે નોટીસની તેમને બજવણી થયેલ છે, આમ છતાં પ્રતિવાદ હાજર થયેલા નથી. પ્રતિવાદીએ વાદી દવારા રજુ કરવામાં આવેલ મૌખીક અને દસ્તાવેજ પુરાવાને ચેલેન્જ કરેલ નથી. આ સંજોગોમાં આ પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી. વાદી સંસ્થાએ લેણી રકમ વસુલ આપવા અંગે પ્રતિવાદીને નોટીસ આપેલ ત્યારથી જોવામાં આવે તો દાવો સમય મર્યાદામાં છે. ડી.પી.સી. ચાર્જની જે ગણતરી વાદી સંસ્થા ધ્વારા કરવામાં આવેલ છે તે નિયમ મુજબની હોવાનો પુરાવો સાહેદે આપેલ છે, આ બાબતને પણ પ્રતિવાદીએ ચેલેન્જ કરેલ નથી. એ રીતે રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા થકી દાવા હકીકત મુજબની રકમ પ્રતિવાદી પાસે લેણી રહેતી હોવાનુ પુરવાર થાય છે. આથી મુદા નં. ૧ અને ૩ નો જવાબ એ રીતે હકારમાં આપવામાં આવે છે.

(૭.૨) લેણી રકમ દાવા તારીખથી તે વસુલ થતા સુધીના **વાર્ષિક ૧૮** ટકાના ચડત વ્યાજ સાથે પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા વાદી સંસ્થાની રજુઆત છે, જે સબંધે મુદા નં. ૨ ફ્રેમ કરવામાં આવેલ છે. પરંતુ વાદી સંસ્થા લેણી રકમ તે મુજબના વ્યાજે વસુલ મેળવવા હકકદાર રહેશે તેવું દર્શાવતો કોઈ કરાર કે કોઈ પુરાવો વાદી સંસ્થાએ રજુ કરેલ નથી. ચડત વ્યાજ સાથે રકમ વસુલ અપાવવાની વાદી સંસ્થાની રજુઆત સંદર્ભે **આ તબકકે નામદાર સુપ્રિમકોર્ટ "સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા વિરુધ્ધ રવિન્દ્ર (૨૦૦૧ (એ. આઈ. આર.) પેજ ૩૦૯૫)"** ની ઓથોરીટી માનસહ વંચાણે લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે સ્પષ્ટતા કરેલ છેકે વ્યાજની રકમને મુદલમા સાંકળી લઈ તે રકમ ઉપર ફરીથી વ્યાજ આપી શકાય નહી. આ બાબતો જોતા લેણી રકમ દાવા તારીખથી તે વસુલ થતા સુધીના દાવામાં માગ્યા મુજબના ચડત વ્યાજ સાથે પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા અંગેની વાદી સંસ્થાની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. લેણી રકમ પર કેટલું વ્યાજ વસુલ લઈ શકાય

તે સબંધે પક્ષકારો વચ્ચે જ્યારે કોઈ કરાર અસ્તિત્વમાં નથી ત્યારે સીવીલ પ્રોસીઝર કોડ કલમ– ૩૪ મુજબ લેણી રકમ દાવા તારીખથી તે વસુલ થતા સુધીના **૬ ટકાના** વાર્ષિક વ્યાજ સાથે વસુલ અપાવવા હુકમ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાતુ હોય, મુદા નં. ૨ નો જવાબ એ રીતે અંશત હકારમાં આપવામાં આવે છે.

**(૮.૦)મુદા નં. ૪ અને ૫ સબંધે :–**

મુદા નં.૧, ૨ અને ૩ ના જે તારણો આપેલ છે તે જોતા વાદી દાવાના કામે લેણી રકમ દાવો દાખલ કર્યાની તારીખથી વસુલ થતા સુધીના **૬ ટકાના** વાર્ષિક વ્યાજ સાથે વસુલ મેળવવા હકકદાર બનતા હોવાનુ નોંધી, મુદા નં.૪ નો જવાબ એ રીતે હકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૫ અન્વયે નીચે મુજબનો આખરી ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. વાદી સંસ્થાનો દાવો અંશત **મંજુર** કરવામાં આવે છે.

૨. વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિજ વપરાશની લેણી રકમ રૂપિયા **૮,૯૪૩.૫૨/– (અંકે રૂપિયા આઠ હજાર નવસોને તેતાલીસ રૂપિયા અને બાવન પૈસા પુરા)**દાવા તારીખથી લેણી રકમ વસુલ ન થાય ત્યાં સુધીના મુળ લેણી રકમ પર વાર્ષીક **૬ ટકા** લેખે થતા વ્યાજની રકમ સાથે વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ વાદી સંસ્થાની લેણી રકમ ચુકવી આપવી અને તેમાં કસુર કરવી નહી.

૪. દાવાનું ખર્ચ પ્રતિવાદીએ વાદી સંસ્થાને ચુકવી આપવા પણ હુકમ કરવામાં આવે છે.

૫. હુકમ મુજબ જરૂરી હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૮/૦૮/૨૦૨૬ (મસ્કુરૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ )

સ્થળ: સાવરકુંડલા એડી.સિનીયર સીવીલ જજ, સાવરકુંડલા

તા.સાવરકુંડલા, જિ.અમરેલી